આમ તો અચાનક થાય એને જ અકસ્માત કહેવાય, પણ અકસ્માતેય ચિત્ર-વિચિત્ર પ્રકારના થતા હોય છે. ગાંધીનગર શહેરમાં આવો જ એક અકસ્માત સોમવારે થયો હતો. પશુઓને પકડીને લઈ જવા માટેના વાહનનું ફ્લોરનું પાટિયું તૂટ્યું હતું અને ગાયનો પગ એમાં ફસાઈ ગયો હતો. (તસવીર : દિપક જાની)

આવાસ યોજનાના ફોર્મ સ્વીકારવા માટે ગુડાએ મહિનાની મુદત વધારી

૩૧ ઓગષ્ટ સુધી ફોર્મ સ્વીકારવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૯

ગુડા દ્વારા ઓછી આવક ધરાવતા પરિવારજનો માટે રાયસણમાં આવાસ યોજના નિર્માણ કરવાનું કામ હાથ ધરવામાં આવ્યું છે. જ્યારે આવાસ યોજના અન્વયે લાભાર્થીઓ નક્કી કરવા ફોર્મ સુપ્રત કરવાની મુદત એક મહીનો લંબાવી ૩૧ ઓગષ્ટ સુધી નિયત કરવામાં આવી છે.

શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા ગુડા વિસ્તારમાં પાણી, ગટર અને રસ્તા સહિતના માળખાગત કામો હાથ ધરવા ઉપરાંત વિકસિત ટી.પી. વિસ્તારમાં આગામી દાયકાઓની વસતીને ધ્યાને લઈ વિકાસના નવતર કામો શરૂ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ગુડા વિસ્તારના ઓછી આવક ધરાવતા નાગરિકોને માથે છત પુરી પાડવા ખાસ આવાસો તૈયાર કરવાનું કામ હાથ ધરવામાં આવ્યું છે. એક બેડરૂમ હોલ કીચનના આ આવાસો સંદર્ભે પ્રથમ તબક્કામાં ૨ હજાર લાભાર્થીઓને આવરી લેવામાં આવશે. ગત મહીનાના પ્રારંભે ગુડા દ્વારા આવાસ યોજનાના લાભાર્થીઓને ફોર્મ વિતરણ કરવાનું શરૂ કરવામાં આવ્યું હતું. ફોર્મ મેળવવા માટે અરજદારોની ભીડ જામી હતી. જ્યારે આવાસ યોજના અન્વયે ૮ હજારથી વધુ ફોર્મનું વિતરણ કરવામાં આવ્યું હતું. જ્યારે ફોર્મ ભરીને સુપ્રત કરવાની તારીખ ૩૧ જુલાઈ સુધી નિયત કરવામાં આવી હતી, પરંતુ આ નિયત સમયગાળા દરમિયાન ઘણા ખરા લાભાર્થીઓ ફોર્મ સુપ્રત કરી શક્યા નથી. ફોર્મ ભરવાની પ્રક્રીયા તેમજ માંગેલા પુરાવાઓ એકત્રિત કરવાની પ્રક્રીયા પણ લેન્ધી હોવાથી આખરે ગુડા દ્વારા ફોર્મ સ્વીકારવાની મુદતમાં એક મહીનાનો વધારો કરવામાં આવ્યો છે. આગામી તા. ૩૧ ઓગષ્ટ સુધી ફોર્મ સ્વીકારવામાં આવશે તેમ પણ સૂત્રોએ જણાવ્યું છે.

ખૂણે... ...ખાંચરેથી

- ગાંધીનગરના મેલેરિયા અધિકારી મમતા દત્તાણી વાયરલની ઝપટમાં આવી ગયા છે.
- ગાંધીનગર મહાનગર-પાલિકાએ ત્રણ નિવૃત્ત ઈજનેરો શ્રી જે.આર. પટેલ, શ્રી એસ.એસ. શાહ અને શ્રી પી.એ. પટેલને કરાર આધારિત નિમણુંક આપી શહેરના વિકાસ પ્રોજેક્ટસ્ તૈયાર કરવાની કામગીરી સોંપી છે.
- ગાંધીનગર શહેરમાં હળવા વરસાદના ઝાપટા ચાલુ રહેતાં હવે વાતાવરણમાં ઠંડકનું પ્રમાણ વધવા પામ્યુ છે.
- ગાંધીનગર જિલ્લાના પ્રા. શિક્ષકો ધો. ૬ થી ૮નો અરસ-પરસ બદલી કેમ્પ આજે મહુડી ખાતે યોજાયો છે.
- ગાંધીનગર જિલ્લામાં મનરેગાની કામગીરી જોવા માટે ભારત સરકારના ૧૦ પ્રોબેશનર સનદી અધિકારીઓ આજે ગિયોડ, છાલા ગામની મુલાકાતે જનાર છે. આ અધિકારીઓ માણસાની મુલાકાતે પણ જનાર છે.
- ગાંધીનગર શહેરમાં શ્રાવણ માસની ઉજવણી માટેની તૈયારીઓ પૂરજોશમાં હાથ ધરવામાં આવી છે.
- જિલ્લા પંચાયતના ઉપપ્રમુખપદેથી રાજીનામુ આપનાર ભીખીબેન ઠાકોરના રાજીનામાના પત્રની તંત્રએ આજે ખરાઈની કામગીરી પૂરી કરી છે.
- ધીમા વરસાદને કારણે ખાબોચીયામાં પાણી ભરાતા આજકાલ ગાંધીનગર શહેરમાં માખી - મચ્છરનો ઉપદ્રવ વધતો જાય છે.
- કલોલ પ્રાંત અધિકારી શ્રી હિમાંશુ પટેલની બદલી થતાં તેમની જગ્યાનો હવાલો ડી.સી.એલ.આર. શ્રી ગુણવંતસિંહ સોલંકી સોપાવાના હુકમો કરાયા છે.

સે-૬ અને ૭માં નિકાલ હેઠળનાં ૧૨ યુનિટો તોડવા કામ શરૂ થશે

પ્રથમ તબક્કામાં અગ્રતા ક્રમે આ યુનિટો તોડવામાં આવશે

ગાંધીનગર, તા.૨૯

નિકાલ હેઠળના ૧૨ યુનિટો તોડી પાડવા ટૂંકમાં ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. સેકટરોમાં સ્થિત નિકાલ હેઠળના ભયજનક ૧૮૪૪ આવાસો તોડવાનો નિર્ણય લેવાયો છે. ત્યારે પ્રથમ તબક્કામાં સે-૬, ૭ અને સે-૩૦માં સ્થિત નિકાલ હેઠળના યુનિટોને તોડી પાડવા અગ્રતા આપવામાં આવી છે.

શહેરમાં વિવિધ સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના ૧૬,૩૦૦ જેટલા સરકારી આવાસો પૈકી ૭ વર્ષ અગાઉ ૧૯૦૪ જેટલા મકાનો નિકાલ હેઠળના જાહેર કરવામાં આવ્યા હતા. પરંતુ નિકાલ હેઠળના આ જોખમી મકાનોનો નિકાલ કઈ રીતે કરવો તે અંગે વર્ષો સુધી ઉચ્ચ કક્ષાએથી નિકાલ ન લેવાતા હાલમાં પણ નિકાલ હેઠળના મકાનો જોખમી રૂપે અસ્તિત્વમાં છે. આવાસ મજબૂતીકરણની યોજનાના અંતે પણ હજુ મોટા ભાગના સરકારી મકાનો ખંડેર હાલતમાં છે ત્યારે નિકાલ હેઠળના મકાનો પણ ગમે ત્યારે જમીનદોસ્ત થાય તેવી ભયજનક સ્થિત છે. થોડા સમય અગાઉ ઉચ્ચ કક્ષાએ યોજાયેલી બેઠક અને પ્રેઝન્ટેશનના અંતે નિકાલ હેઠળના મકાનો તોડી પાડવાનો નિર્ણય લેવાયો છે. શહેરમાં શહેરના વિવિધ સેકટરોમાં જુદી જુદી કક્ષાના આવાસોમાં નિકાલ હેઠળના આવાસોનો પણ સમાવેશ થાય છે ત્યારે આ પૈકી મોટાભાગના આવાસો તંત્ર દ્વારા ખાલી પણ કરાવી દેવાયા છે. જો કે હજુ ૧૧૦ જેટલા મકાનોમાં રહીશો ભયજનક હાલતમાં હોવાનું ધ્યાને આવ્યું છે. બીજી તરફ તંત્ર દ્વારા નિકાલ હેઠલના મકાનો તોડી પાડવાના મામલે સે-૬, ૭ અને સે-૩૦માં ૧૨ યુનિટોને અગ્રતા આપી પ્રથમ તબક્કામાં કામ હાથ ધરવામાં આવનાર છે. ટૂકમાં જ આ મામલે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવશે.

આમ તો વરસાદ આવે એટલે મોર ખુશીથી ગહેંકી ઊઠે છે, પણ શહેરમાં વરસાદી પાણી એટલાં ભરાઈ જાય છે કે બિચારા મોરનેય ઊંચા થાંભલે જઈને બેસવું પડે છે ! (તસવીર : કશ્યપ નિમાવત)

બીજી ઓગષ્ટે ગાંધીનગરનો ૪૯મો જન્મદિન ધામધૂમથી ઉજવાશે

જી.ઈ.બી. ખાતે મહાનુભાવોની ઉપસ્થિતિમાં કેક કપાશે

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરના ૪૯મા જન્મદિવસની તા. ૨ ઓગષ્ટના રોજ ઉજવણી કરવામાં આવશે. જી.ઈ.બી. થર્મલ પાવર સ્ટેશનના વિશ્રામગૃહ ખાતે શહેરની પ્રથમ ઈંટ મુકવામાં આવી હતી તે સ્થળે સવારે ૯.૩૦ કલાકે મહાનુભાવો દ્વારા કેક કાપીને બર્થ ડે સેલિબ્રેશન કરવામાં આવશે.

આગામી તા. ૨ ઓગષ્ટના રોજ ગાંધીનગર શહેરના જન્મ દિવસની ઉજવણી કરવામાં આવશે. શહેર વસાહત મહામંડળ તેમજ જી.ઈ.બી. થર્મલ પાવર સ્ટેશન ખાતે સવારે ૯.૩૦ કલાકે જન્મ દિવસની ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. શહેરના ૪૯મા જન્મદિવસ નિમિત્તે શહેર વસાહત મહામંડળ દ્વારા થર્મલ પાવર સ્ટેશન ખાતે શહેરની પ્રથમ ઈમારતની ઈંટ જ્યાં મુકવામાં આવી હતી તેવા વિશ્રામગૃહે તકતી-પૂજન અને દિપ પ્રાગટ્ય કરવામાં આવશે. આ તબક્કે ઉર્જા વિભાગના અગ્ર સચિવ ડી.જે. પાંડીયન, પ્રભારી સચિવ સંજયપ્રસાદ, જિલ્લા કલેકટર પી. સ્વરૂપ, મહાનગરપાલિકાના કમિશ્નર પાડલીયા તેમજ શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બૂચ સહીત નગરના અગ્રણીઓ ઉપસ્થિત રહેશે. પ્રાર્થના અને સ્વાગતવિધિ બાદ કેક કાપીને શહેરના ૪૯મા જન્મદિવસની ઉજવણી કરવામાં આવશે. જન્મદિવસની ઉજવણીમાં પાવર સ્ટેશનના મુખ્ય ઈજનેર ઉપરાંત અન્ય અધિકારીઓ પણ સામેલ થશે.

મોસમનો કુલ વરસાદ ૫૧૩ મિમી સુધી પહોંચ્યો

ગાંધીનગર, તા. ૨૯

વરસાદી માહોલના જમાવડા સાથે છેલ્લા ચોવીસ કલાક દરમ્યાન ૩૬ મી.મી. જેટલો વરસાદ નોંધાયો છે. આ સાથે મોસમનો કુલ વરસાદ ૫૧૩ મી.મી. સુધી પહોંચ્યો છે.

વરસાદી વાતાવરણ ગાંધીનગરમાં સતત ઘેરાયેલું છે. ક્યારેક ઝાપટા સ્વરૂપે તો ક્યારેક ધીમી ધારનો વરસાદ સતત વરસી રહ્યો છે. ગઈકાલે આખો દિવસ વાદળો ઘેરાયા બાદ મોડી રાત્રે વરસાદ ચાલુ થયો હતો જે છેક સવાર સુધી ધીમી ધારે પડતો રહ્યો હતો. લગભગ દોઢેક ઈંચ જેટલો વરસાદ શહેરમાં પડ્યો હતો. દરરોજ પડી રહેલા વરસાદી ઝાપટાના કારણે મોસમનો કુલ વરસાદ ૫૧૩ મી.મી. સુધી પહોંચ્યો છે. આજે મહત્તમ તાપમાન ૨૯ ડિ.સે., લઘુત્તમ તાપમાન ૨૪.૫ ડિ.સે. અને ભેજનું પ્રમાણ સવારે ૯૬ ટકા અને સાંજે ૮૮ ટકા રહ્યું હતું. હજુ પણ વરસાદી માહોલ છવાયેલો છે. આગામી દિવસોમાં વધુ વરસાદ પડશે તેવી આગાહી છે.

આજે દિવસ દરમિયાન ક્યારેક તડકો અને ક્યારેક વાદળોથી છવાયેલું વાતાવરણ રહ્યું હતું. ઝરમર ઝરમર વરસાદના કારણે માર્ગો સતત ભીના રહ્યા હતા. વરસાદના સાતત્યથી વાતાવરણમાં ઠંડક પ્રસરેલી રહે છે.

વરસાદી માહોલમાં લીલાછમ્મ ગાંધીનગરને માણવાની મુલાકાતીઓને પણ મઝા પડે છે.

સેક્ટર-૧૨ સ્વામી વિવેકાનંદ વિદ્યાલયનો સમય બદલવા વિદ્યાર્થીઓની માગ

આચાર્ય કક્ષાએથી ભલામણ થશે તો વિચારણા કરાશે : ડી.ઈ.ઓ.

ગાંધીનગર, તા. ૨૯

સે. ૧૨ સ્વામી વિવેકાનંદ વિદ્યાલયના વિદ્યાર્થીઓએ આજે જિલ્લા શિક્ષણાધિકારી સમક્ષ શાળાના શૈક્ષણિક કાર્યનો સમય બદલવા માંગણી કરી હતી. હાયર સેકન્ડરીના વિદ્યાર્થીઓએ બપોરના બદલે શાળાનો સમય સવારનો કરવા રજૂઆતમાં જણાવ્યું હતું.

શહેરની શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં શાળાનો સમય બદલવાની માંગ દિનપ્રતિદિન પ્રબળ બનતી જાય છે. વિદ્યાર્થીઓ પોતે જ તેમને આ સમયે ભણવાનુ અનુકુળ આવશે તેનો નિર્ણય લેવા છાશવારે શિક્ષણતંત્રની કચેરીમાં ધામા નાંખે છે. થોડા સમય અગાઉ પણ અન્ય એક સરકારી શાળાના વિદ્યાર્થીઓ પોતાનું શૈક્ષણિક કાર્ય છોડી શિક્ષણતંત્રની કચેરીમાં ટોળે વળ્યા હતા જ્યારે આજે પણ સે. ૧૨ સ્વામી વિવેકાનંદ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ સમય બદલવા જિલ્લા શિક્ષણાધિકારી સમક્ષ રજૂઆત કરી હતી. ધો. ૧૧, ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ શાળાનો સમય બપોરના બદલે સવારનો કરવા માંગણી કરી હતી. આ તબક્કે જિલ્લા શિક્ષણાધિકારી વિનયગીરી ગોસાઈએ વિદ્યાર્થીઓને આ મામલે શાળાના આચાર્ય કક્ષાએથી ભલામણ કરવામાં આવશે તો સમય બદલવા અંગે વિચારણા હાથ ધરાશે તેમ જણાવ્યું હતું.

નાની ધારીની ઘટનાની તપાસ સી.આઈ.ડી. ક્રાઈમને સોંપાઈ

ગાંધીનગર, તા. ૨૯

અમરેલી જિલ્લાના ખાંભા તાલુકા વિસ્તારમાં નાની ધારી ગામે બનેલી ઘટનામાં તટસ્થ તપાસ થાય તે માટે સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ દ્વારા રાજ્યના પોલીસ વડાને રજુઆત કરવામાં આવી હતી. સમાજના પ્રમુખ શૈલેષભાઈ જોષીના જણાવ્યા મુજબ સમગ્ર ઘટનાની તપાસ સીઆઈડી ક્રાઈમને સોંપી તટસ્થ તપાસનું આશ્વાસન ડીજીપી અમીતાભ પાઠકે આપ્યું છે.

અમરેલી પોલીસે ઘટનાની ઊંડી તપાસ કરીને પત્રકાર પરીષદ યોજી હતી. જેમાં બ્રહ્મસમાજની યુવતીનું મર્ડર કરનાર તેણીનો ભાઈ જ હોવાનું ખુલ્લુ પડ્યુ છે અને તે સંબંધીત પુરાવાઓ એકત્ર થઈ રહ્યા છે. આ સમગ્ર ઘટનામાં તટસ્થ તપાસ કરવા માટે તથા જવાબદાર પોલીસ અધિકારીઓ સામે પગલા લેવાની ઉગ્ર રજુઆત કરવામાં આવીહતી. શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજના પ્રમુખ શૈલેષભાઈ જોષી, અશ્વિન ત્રિવેદી, ચૈતન્ય મહારાજ, કનુભાઈ રાવલ, સી.એલ. મહેતા, નરેન્દ્રભાઈ વ્યાસ, પ્રતિમાબેન દવે, જગદીશભાઈ દવે સહિતના ૩૦ થી વધુ આગેવાનોનો ડી.જી.પી. અમીતાભ પાઠકને આવેદનપત્ર આપ્યું હતું. સમગ્ર ઘટનાની તટસ્થ અને ઊંડી તપાસ કરવા માટે સી.આઈ.ડી. ક્રાઈમને આદેશ કરાશે તેમ ડી.જી.પી.એ બ્રહ્મસમાજને આશ્વાસન આપ્યુ હોવાનું પ્રમુખ શૈલેષભાઈ જોષીએ જણાવ્યું છે.

ગાંધીનગરના ત્રણ વિદ્યાર્થીઓ સ્ટુડન્ટ એક્ષચેન્જ પ્રોગ્રામ હેઠળ એક વર્ષ અમેરિકામાં અભ્યાસ કરશે

સેન્ટ ઝેવિયર્સના ધ્રુવ ઠક્કર, કૃપા દવે, ક્રિષ્ના જયસ્વાલ અમેરિકાના કેલિફોર્નિયા, હિંગ્સ્ટન અને અલાસ્કામાં એક વર્ષ અભ્યાસ કરશે, જ્યારે ઈટાલીથી સોફિયા અને જર્મનીથી લ્યુકાસ ગાંધીનગર ભણવા આવ્યા છે

ગાંધીનગર, તા.૨૯

સ્ટુડન્ટ એક્ષચેન્જ પ્રોગ્રામ હેઠળ આ વર્ષે ગાંધીનગરના ત્રણ વિદ્યાર્થીઓને અમેરિકામાં એક વર્ષ રહી અભ્યાસ કરવાની તક પ્રાપ્ત થશે. તેઓ ત્યાં અભ્યાસની સાથે સાથે સ્થાનિક સંસ્કૃતિ વિશે પણ જાણકારી મેળવશે.



સેંટ ઝેવિયર્સ સ્કુલમાંથી ધો-૧૦ પાસ કરનાર ધ્રુવ ઠક્કર સ્ટુડન્ટ એક્ષચેન્જ પ્રોગ્રામ હેઠળ પસંદગી પામ્યા છે. તે આગામી તા.૨જી ઓગષ્ટના રોજ અમેરિકાના અલાસ્કા સ્ટેટ જવા રવાના થશે .વિદ્યાર્થીઓ જુદા જુદા દેશોની સંસ્કૃતિ અને શૈક્ષણિક સુવિધા અંગે જાણકારી મેળવી શકે તે માટે આંતરરાષ્ટ્રીય સંસ્થા એએફએસ દ્વારા આ કાર્યક્રમ ચલાવાઈ રહ્યો છે આ કાર્યક્રમ હેઠળ પસંદગી પામનાર વિદ્યાર્થીઓનો જે તે દેશમાં જવા આવવાનો તથા રહેવાનો ખર્ચ સંસ્થા દ્વારા જ કરવામાં આવે છે. ધ્રુવ ઠક્કરની જેમ જ ગાંધીનગરના કૃપા દવે અમેરિકાના કેલીફોર્નિયા અને ક્રિષ્ના જયસ્વાલ હ્યુસ્ટન માટે પસંદગી પામ્યા છે. તેઓ ત્રણેય યુએસના જુદા જુદા પ્રાંતોમાં રહી એક વર્ષ અભ્યાસ કરશે અને ત્યાંની સંસ્કૃતિ વિશે જાણકારી મેળવશે. હાલમાં આ જ કાર્યક્રમ હેઠળ ઈટાલીથી સોફિયા અને જર્મનીથી લ્યુકાસ ગાંધીનગર રહેવા આવ્યા છે. ધ્રુવ ઠક્કર અને કૃપા તથા ક્રિષ્નાને તેમના પરિવારજનો અને મિત્રોએ આ સિધ્ધિ બદલ અભિનંદન અને શુભેચ્છા પાઠવ્યા છે.

:: જાહેર નોટીસ ::

[illegible]

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮ ૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com